# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com


અખબારી યાદી                                                    તા ૧૧/૧૨/૨૦૨૩

- **રાજ્ય સરકાર ગુજરાતનો દરિયા કાંઠો પસંદગીના પરિવાર હવાલે કેમ કરી રહી છે ?**
- **ગુજરાત સરકારે ભાવનગરના ગામોની દરિયા કાંઠાની જમીન મીઠા ઉદ્યોગ માટે લીઝ ઉપર ગેરકાયદેસર રીતે ફાળવીને વર્ષોથી ખેતી કરતા ખેડુતોની આજીવિકા છિનવી રહી છે.**
- **દરીયા કાંઠાની ખારી જમીનને નવસાધ્ય કરવા પુર્વ સરકારોએ કરોડો રુપિયાનો ખર્ચ કરેલ છે તે નવસાધ્ય થયેલ જમીન ઉપર ફરી મીઠાના ઉદ્યોગ માટે આપીને ખારી કરવામા આવી રહી છે**

ઉપરાંત દરીયા કાંઠાની જે સરકારી જમીન મીઠા ઉદ્યોગ માટે લીઝ ઉપર રાજ્ય સરકાર આપી રહી છે તેના પણ ચોક્કસ ધોરણો છે તેને ધ્યાનમા રાખીને જ અરજદારોને ફાળવી જોઈએ.જેમ કે,

✓ એક અરજદારને ૧૦ એકર ની મર્યાદામા અને પહેલી પસંદગી સ્થાનિક SC / ST / OBC / બી પી એલ બાદ અન્ય કંપની અને પેઢીની અરજીને ધ્યાનમા લેવામા આવે.
✓ અને કંપની હોય તો તેની આર્થિક સદ્ધરતા ૧૦ એકરે / ૫ લાખ જરુરી અથવા બેન્ક ગેરેન્ટી , આઈટી રીટર્ન , ત્રણ વર્ષના ઓડિટ રિપોર્ટ રજુ કરવાના હોય છે .
✓ જમીન માંગણીની વ્યકિતએ પહેલા કરી હોય અને કંપનીએ પાછળથી કરી હોય તો પહેલા વ્યકિતને આપવાની ઠરાવ માં જોગવાય છે...

પરંતુ ભાવનગર કલેકટર અને રાજ્ય સરકારે કોઈપણ ધોરણો /કાયદાઓની પરવા કર્યા વગર હજારો એકર જમીન પસંદગીના લોકોની કંપનીઓને મીઠાના અગર માટે ફાળવી દીધી છે.
✓ ખાનગી કંપનીને ફાળવેલ જમીનમા અગ્રીમતાનુ ધોરણોનુ પાલન કરવામા આવ્યુ નથી.
✓ ગામના સ્થાનિક અરજદારની ૨૦ વર્ષથી માંગણી પેન્ડિગ હતી, તેને (વર્ષ ૨૦૧૫ ૨૦૧૬ અને ૨૦૧૭ ) દફતરે કરી ,
✓ જે કંપનીઓ ૨૦૧૮ મા અરજી કરે અને ૨૦૧૮-૧૯ મા ભાવનગરમા આશરે ૧૨ થી ૧૫ હજાર એકર લીઝ મળી જાય
✓ રાજ્ય સરકારે મંજુર કરેલ મોટા ભાગની ફાઈલો ત્રણ પરિવારની જ.
✓ આ ત્રણ પરિવાર મહેસુલી વિભાગ અને ડીઝાસ્ટર મૈનેજમેન્ટ પોષણ આપી રહ્યુ છે.
✓ CRZ / GMB / GPCB ની NOC મેળવેલ નથી.
✓ લીઝ ડીડમા જોગવાઈ મુજબ CRZ ની NOC સિવાય કામ પણ શરુ ન થઈ શકે.
✓ ફોરેસ્ટ / કાળીયાર અભિયારણની NOC નથી
✓ ભાવનગરની સેન્ટ્રલ સોલ્ટની કેન્દ્રીય કચેરી છે તેમનો પણ અભિપ્રાય નથી.
✓ મત્સ્ય ઉદ્યોગ અભિપ્રાય (મત્સ્યઉદ્યોગ થઈ શકે તેવી જમીન ને મીઠા માટે નહિ આપવા અને મત્સ્ય ઉદ્યોગ માટે રિઝર્વ રાખવાનો અભિપ્રાય છે તેની અવગણા કરવામાં આવેલ છે)

- ✓ કલ્પસર પ્રોજેક્ટની NOC નથી.
- ✓ એક પરિવારમા એકને જ મળે તે નિયમનુ ઉલ્લંઘન થયેલ છે.
- ✓ મીઠાના બે અગર વચ્ચે ૨૫૦ મીટર નું અંતરનુ પાલન નહી.
- ✓ ૪ હેક્ટર કરતા વધારે મોટો અગર હોય તો તેને દરિયાઈ પાણી નો ઉપયોગ કરવો પરંતુ બોરના વોટર નો ઉપયોગ ન કરવો. આજે આ તમામ કંપનીઓ બોર કરીને પાણી કાઢીને મીઠુ પકવે છે જેના કારણે નવસાધ્ય જમીન પણ ખારી થઈ રહી છે.
- ✓ એક કરતા વધારે જમીન માંગણીદાર હતા, તેમા કોઈ લાયકાતના ધોરણોની અવગણના થયેલ છે .
- ✓ CRZ 1A / CVCA ( ક્રીટીકલ વેલનરેબલ કોસ્ટલ એરીયા ) મુજબ રદ થવાને પાત્ર છે.
- ✓ CRZ નો કાયદો કુદરતી સંપદા બચાવવા માટેનો છે તે સચવાયો નથી.

સરકારી રહેમ કૃપાથી ગેરકાયદેર મીઠાના અગરો ચાલુ છે અને કરોડોની રેવન્યુની નુકશાની રાજ્ય સરકાર ભોગવી રહી છે, છતાં જો રાજ્યમા ભાજપાના ભાગીદારોનુ બધુ ચાલે છે તેના થોડા દાખલો.

- ➢ ગ્રાસિમ ઈન્ડ નો ૧૫૦૦૦ કરોડનો પ્રોજેક્ટ ૨૦૧૨ મા વિલાયત / પાતાળગંગામા CRZ ની મંજુરી ન હોવાથી આજે બંધ.
- ➢ HA solt ૨૭૦૦ એકર માંગણી કરી તેમા ૧૦૦૦ એકર ફોરેસ્ટ નિકળી તો કહે તે બાદ કરી દો ૧૭૦૦ એકર આપો – જો સામાન્ય અરજદારની અરજી હોય તો સીધી દફતરે થઈ હોય
- ➢ સીકારપુરમા ૫૦૦૦ એકર ઉપરના ૪ કારખાને આજે ચલુ છે ગુગલ પર જોઇ શકાય છે તેની એક પણની સરકારી લીઝ માન્ય નથી .
- ➢ આજે પણ ગેરકાયદેસર રીતે કડોલ / નાના રણમા ગેરકાયદેસર મીઠાનુ ઉત્પાદન થઈ રહ્યુ છે..
- ➢ ભાવનગરના ૭૦ % સોલ્ટ વર્કસ પાસે આજે ફોરેસ્ટની NOC નથી કાળીયા /વરુ / શિયાળ /ખેતીવાડી અને ફોરેસ્ટની વ્યાખ્યામા આવે છે છતાં આજે ચાલુ છે.
- ➢ ભાવનગરના ૩૨ અગર માથી માત્રે ૫ પાસે જ લીઝ રીન્યુઅલ મંજુરી છે બાકીના ગેરકાયદેસર ચાલે છે.

**<u>સ્થાનિક ૧૩ ગામના ખેડુતોની અને આમ જનતાની માંગ</u>**

- ❖ બે પેઢીથી ખારી જમીનને ઉપજાવ જમીન કરી અને હવે ત્યા મીઠાના અગર શા માટે ?
- ❖ કલ્પસર યોજનાનો હેતુ જમીન નવસાધ્ય કરવાનો છે તેના વિરુદ્ધનુ પગલુ શા માટે ? આમા સરકારનો કલ્પસરનો હેતુ સરકારે ખુદ કોરાણે મુક્યો.
- ❖ અગરના પાળા બાંધવાથી ગામોમા પાણી ઘુસ્યા,પાણીનો ભરાવો થયો જેના કારણે કાળિયાર-હરણ પાણીમા ડુબવાથી મરી રહ્યા છે અને વાહન વ્યવહાર ઠપ થાય છે.
- ❖ જેમ હેકટરે ૩૦૦/- રુપિયા પ્રતિ હેકટર મીઠા ઉદ્યોગને લીઝ પર આપવામા આવે છે તેમ એજ દરે ખેતી માટે જમીન ફાળવવામા આવે તેવી વર્ષો જુની અમારી માંગની ગ્રાહ્ય રાખવામા આવે છે.
- ❖ ખેડૂતોને હેકટરે ૯૦૦૦ રુપિયા દંડની નોટીસો આપી છે તે પરત ખેચો …
- ❖ ગુજરાતનો દરિયા કાઠો શુ ૩ પરિવારને દફતરે થઈ રહ્યો છે તે નિર્ણય રાજ્ય સરકાર ગંભીરતાથી ફેર વિચારણા કરી સ્થગિત કરે.

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ